**Paper Code – 3986**

# M.A. Sem – 3 SANSKRIT (Old Course)
## Mar-Jun - 2021
## EC-304 – અલંકારશાસ્ત્ર :કાવ્યપ્રકાશ ઉ.– ૪,૫,૮ (Theory)

**કુલ સમય :–** ૬૦ મીનીટ **કુલ પ્રશ્નો :** ૫૦ **વિદ્યાર્થીએ ટીક કરવાના પ્રશ્નો :** ૩૫

**નોંધ : વિદ્યાર્થીએ માત્ર ૩૫ પ્રશ્નો જ ટીક કરવાના રહેશે. જો વધારે ટીક કરેલ હશે તો પ્રથમ ૩૫ પ્રશ્નો જ ગણતરીમાં લેવામાં આવશે.**

(1) કાવ્યપ્રકાશના કર્તાનું નામ આપો ?
(A) ધનંજય (B) મમ્મટ (C) ભટ્ટ શંકુક (D) દંડી

(2) કાવ્યપ્રકાશ કયા શાસ્ત્રનો મહત્વપૂર્ણ ગ્રંથ છે ?
(A) વેદાંતશાસ્ત્ર (B) વ્યાકરણશાસ્ત્ર (C) પુરાણશાસ્ત્ર (D) અલંકારશાસ્ત્ર

(3) અલંકારશાસ્ત્રના કેટલા સંપ્રદાયો છે ?
(A) છ (B) પાંચ (C) ત્રણ (D) બે

(4) અલંકારશાસ્ત્રના પ્રવર્તક કયા આચાર્ય છે ?
(A) ભામહ (B) ભરતમુનિ (C) વામન (D) દંડી

(5) કાવ્યપ્રકાશ ઉપર કુલ કેટલી ટીકાઓ ઉપલબ્ધ થાય છે ?
(A) ૭૦ (B) ૭૨ (C) ૫૦ (D) ૨૫

(6) અવિવક્ષિતવાચ્યએ કયા કાવ્યનો મુખ્ય પ્રકાર છે ?
(A) ધ્વનિકાવ્ય (B) ચિત્રકાવ્ય (C) મધ્યમકાવ્ય (D) ત્રણમાંથી એકેય નહિ

(7) જયાં વ્યંજકરૂપમાં આવનારો વાચ્યાર્થ પ્રકરણની દૃષ્ટિથી બાધિત બનીને બીજા કોઈ અર્થમાં પરિણમે છે ત્યારે કયો કાવ્યપ્રકાર બને છે ?
(A) લક્ષણામૂલક ધ્વનિકાવ્ય (B) અર્થાન્તર સંક્રમિત અવિવક્ષિતવાચ્ય (C) અધમકાવ્ય (D) ત્રણમાંથી એકેય નહિ

(8) વિવક્ષિતાન્ય પરવાચ્ય ધ્વનિના કેટલા પ્રકારો છે ?
(A) ત્રણ (B) ચાર (C) બે (D) પાંચ

(9) મનુ ષ્યના હૃદયમાં બીજરૂપે કે સંસ્કારરૂપે અનેક ભાવો રહેલા હોય છે આવા ભાવોને શું કહે છે ?
(A) સંચારિભાવો (B) સ્થાયીભાવો (C) ભાવશબલતા (D) સહકારીભાવો

(10) શંકુકનો રસવિચાર કયા નામે ઓળખાય છે ?
(A) રસાનુમિતિવાદ (B) ઉત્પત્તિવાદ (C) ભુક્તિવાદ (D) રસાભિવ્યક્તિવાદ

(11) આચાર્ય મમ્મટે રસસ્વરૂપને સમજાવવા માટે કયા આચાર્યના વિભાવાદિ સૂત્રને ઉદ્ધૃત કર્યું છે ?
(A) ભરતમુનિ (B) દંડી (C) વામન (D) ભામહ

(12) ભટ્ટનાયકના મતે રસાનુભૂતિ કોને થાય છે ?
(A) વાચકને (B) જોનારને (C) ભાવકને (D) ત્રણમાંથી એકેય નહિ

(13) રસની અલૌકિકતા સિધ્ધ કરવા માટે કેટલી યુકિતઓ આપવામાં આવી છે ?
(A) ચાર (B) બે (C) ત્રણ (D) પાંચ

(14) અદ્‌ભુતરસનો સ્થાયીભાવ કયો ?
(A) શોક (B) હાસ (C) વિસ્મય (D) આશ્ચર્ય

(15) વ્યભિચારીભાવની સંખ્યા કેટલી છે ?
(A) તેત્રીસ (B) નવ (C) બાર (D) સોળ

(16) જે ધ્વનિમાં વ્યંજક અને વ્યંગ્યનો ક્રમ સ્પષ્ટ જણાય તે કાવ્યનો કયો પ્રકાર કહેવાય ?
(A) અલક્ષ્યક્રમવ્યંગ્યધ્વનિ (B) સંલક્ષ્યક્રમવ્યંગ્યધ્વનિ (C) અધમકાવ્ય (D) મધ્યમકાવ્ય

(17) અર્થશકિતમૂલ ધ્વનિના કેટલા પ્રકારો છે ?
(A) બાર (B) બે (C) ત્રણ (D) ચોવીસ

(18) જેમાં વ્યઙ્ગયાર્થ વાચ્યાર્થ કરતાં ગૌણ હોય તે કાવ્યનો કયો પ્રકાર કહેવાય ?
(A) ગુણીભૂતવ્યંગ્ય (B) અલક્ષ્યક્રમવ્યંગ્ય (C) ચિત્રકાવ્ય (D) ધ્વનિકાવ્ય

(19) જેમાં અસહૃદયજનોને પણ વ્યંગ્યાર્થની શીઘ્ર પતીતિ થાય છે તે ?
(A) અગૂઢ વ્યંગ્ય (B) કાકૂવાક્ષિપ્ત (C) અસ્ફૂટ (D) અપરસ્યાઙ્ગ

(20) ઔચિત્ય સંપ્રદાયના રચયિતા કોણ છે ?
(A) ક્ષેમેન્દ્ર (B) ભરતમુનિ (C) ભામહ (D) મમ્મટ

(21) તુલ્ય પ્રાધાન્ય ગુણીભૂતવ્યંગ્ય કાવ્ય કયારે બને ?
(A) વ્યંગ્યાર્થ વાચ્યાર્થ કરતાં ચડિયાતો હોય ત્યારે (B) વાચ્યાર્થ વ્યંગ્યાર્થ કરતાં ચડિયાતો હોય ત્યારે
(C) વાચ્યાર્થ – વ્યંગ્યાર્થની સમાન પ્રધાનતા હોય ત્યારે (D) ત્રણમાંથી એકેય નહિ

(22) વાચ્ય અને વ્યંગ્યાર્થની ભિન્નતાનું પ્રતિપાદન કરવા માટે મમ્મટે કેટલા ભેદોનું નિરૂપણ કર્યું છે ?
(A) પાંચ (B) ત્રણ (C) આઠ (D) સાત

(23) વાચ્યાર્થ પછી જ વ્યંગ્યાર્થની પ્રતીતિ થાય છે. આ કયો ભેદ છે ?
(A) આશ્રયભેદ (B) સ્વરૂપભેદ (C) કાલભેદ (D) કાર્યભેદ

(24) કાવ્યપ્રકાશમાં કુલ કેટલા ઉલ્લાસ છે ?
(A) દસ (B) ત્રણ (C) સાત (D) પાંચ

(25) લક્ષણામાં પ્રયોજનની પ્રતીતિ માટે શાનો આધાર લેવો પડે છે ?
(A) વ્યંજના (B) અભિધા (C) લક્ષણા (D) તાત્પયાર્થ

(26) જેના દ્વારા સહૃદયોને આનંદની અનુભૂતિ થાય છે તે કાવ્યનું મુખ્ય તત્વ કયું છે ?
(A) આસ્વાદ (B) વિષયવસ્તુ (C) વસ્તુસંકલના (D) ત્રણમાંથી એકેય નહિ
(27) 'યે રસસ્ય' એ કારિકામાં ગુણસ્વરૂપનું નિરૂપણ કરતાં તેનો શાનાથી ભેદ દર્શાવવામાં આવ્યો છે ?
(A) અલંકાર (B) ગુણ (C) રસ (D) દોષ
(28) માધુર્ય આદિ કોના ધર્મ છે ?
(A) શબ્દના (B) અર્થના (C) રસના (D) અલંકારના
(29) 'સગુણૌ' પદ દ્વારા શાનું વિવેચન કરવામાં આવ્યું છે ?
(A) રસ (B) અલંકાર (C) ગુણ (D) ત્રણમાંથી એકેય નહિ
(30) અલંકારો રસના ઉત્કર્ષક કયારે થાય છે ?
(A) જયારે રસ વિદ્યામાન હોય ત્યારે (B) જયારે ગુણ વિદ્યામાન હોય ત્યારે
(C) જયારે અલંકાર વિદ્યામાન હોય ત્યારે (D) ત્રણમાંથી એકેય નહિ
(31) સાહિત્ય દર્પણકારે ગુણ તથા અલંકારના સ્વરૂપ વિવેચનમાં કોનું અનુસરણ કર્યુ છે ?
(A) મમ્મટ (B) દંડી (C) આનંદવર્ધન (D) ભામહ
(32) ગુણ અને અલંકારનું નિરૂપણ સર્વપ્રથમ કોણે કર્યું ?
(A) મમ્મટ (B) ભરતમુનિ (C) શંકુક (D) વામન
(33) મમ્મટ પહેલાં ગુણ અને અલંકારોના ભેદ વિશે કેટલા મત અસ્તિત્વમાં હતા ?
(A) ત્રણ (B) પાંચ (C) ચાર (D) નવ
(34) આચાર્ય મમ્મટે ગુણોના કેટલા પ્રકાર પાડયા છે ?
(A) બે (B) ચાર (C) ત્રણ (D) પાંચ
(35) વામને કેટલા ગુણોને માન્ય રાખ્યા છે ?
(A) દસ (B) આઠ (C) નવ (D) ત્રણ
(36) માધુર્ય આદિ ઔપચારિકરૂપથી કોના ગુણ કહેવાય છે ?
(A) શબ્દના (B) ગુણના (C) રસના (D) અલંકારના
(37) આચાર્ય મમ્મટના ગુણ અને અલંકારના સ્વરૂપ નિરૂપણમાં કયા આચાર્યની અસર છે ?
(A) આનંદવર્ધન (B) મહિમભટ્ટ (C) ધનંજય (D) જગન્નાથ
(38) કાવ્યના શોભાજનક તત્વોને શું કહે છે ?
(A) ગુણ (B) રસ (C) છંદ (D) અલંકાર
(39) 'રીતિરાત્મા કાવ્યસ્ય' કાવ્યની આ વ્યાખ્યા કયા આચાર્યએ આપી છે ?
(A) મમ્મટ (B) વામન (C) આનંદવર્ધન (D) દંડી
(40) રસની સાથે ગુણોની સ્થિતિ કેવી હોય છે ?
(A) અચલ (B) ભિન્ન (C) અસ્થિર (D) ત્રણમાંથી એકેય નહિ
(41) આચાર્ય કુન્તકે કયા સંપ્રદાયની રચના કરી ?
(A) રીતિ સંપ્રદાય (B) ઔચિત્ય સંપ્રદાય (C) રસ સંપ્રદાય (D) વક્રોકિત સંપ્રદાય
(42) કાવ્યપ્રકાશમાં કારિકાઓની સંખ્યા કેટલી છે ?
(A) ૧૪૨ (B) ૧૫૦ (C) ૧૦૦ (D) ૧૨૫
(43) વિભાવાદિ વડે વ્યકત થતો સ્થાયીભાવ શું કહેવાય છે ?
(A) રસ (B) ગુણ (C) અલંકાર (D) ત્રણમાંથી એકેય નહિ
(44) નાટયમાં કેટલા રસ મનાય છે ?
(A) નવ (B) આઠ (C) પાંચ (D) ત્રણ
(45) સ્થાયીભાવો કેટલા છે ?
(A) આઠ (B) નવ (C) ત્રણ (D) દસ
(46) ગુણીભૂતવ્યંગ્યકાવ્યના કેટલા ભેદ છે ?
(A) નવ (B) દસ (C) આઠ (D) અગિયાર
(47) શૌર્ય વગેરે કોના ધર્મો છે ?
(A) શરીરના (B) આત્માના (C) કાવ્યના (D) ત્રણમાંથી એકેય નહિ
(48) કાવ્યપ્રકાશના સર્વપ્રથમ વ્યાખ્યાકાર કોણ છે ?
(A) માણિકયચંદ્ર (B) સિધ્ધિચંદ્ર (C) વાચસ્પતિ મિથ (D) ભાસ્કર ભટ્ટ
(49) શૃંગારરસ અલંકારશાસ્ત્રમાં કયા અર્થમાં પ્રયોજાયો છે ?
(A) કામોદ્રેક (B) રતિ (C) હાસ્ય (D) ત્રણમાંથી એકેય નહિ
(50) આચાર્ય મમ્મટનો સમય અનેક પ્રમાણોને આધારે આશરે કયો નકકી થાય છે ?
(A) ૮ મી સદી (B) ૧૧ મી સદીનો ઉત્તરાર્ધ (C) ૯ મી સદી (D) ૫ મી સદી